


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 37 ■ તા. 20-09-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

# મંજૂરી વગર સ્ટેમ સેલ થેરાપી થશે તો કાર્યવાહીનો સામનો કરવો પડશે

નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને એવા ડોક્ટરો અને ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવા કહ્યું છે, જેઓ એવી બીમારીઓ અથવા સ્વાસ્થ્ય સંબંધી સ્થિતિઓની સારવાર માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ કરી રહ્યા છે, જેના માટે આ સારવારની અસરકારકતા હજુ સુધી સાબિત થઈ નથી. મંત્રાલયે પોતાની એડવાઈઝરીમાં સ્પષ્ટ કર્યું છે કે મંજૂરી વિના અથવા નિર્ધારિત નિયમોની બહાર જઈને સ્ટેમ સેલ થેરાપી આપનારાઓ પર કાર્યવાહી થશે. સ્ટેમ સેલ થેરાપી ફક્ત નિર્ધારિત ગંભીર બીમારીઓ માટે જ માન્ય છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સ્ટેમ સેલ થેરાપી દરેક બીમારીની સારવાર માટે વાપરી શકાતી નથી. તેનો ઉપયોગ માત્ર એ જ બીમારીઓ અને સ્વાસ્થ્ય સંબંધી સ્થિતિઓમાં થઈ શકે છે, જેને મંત્રાલયની નિર્ધારિત યાદીમાં સામેલ કરવામાં આવી છે. આ યાદીમાં કેટલાક ગંભીર કેન્સર અને ઓટોઈમ્યુન બીમારીઓ સામેલ છે. તેમાં એક્યુટ માયલોઈડ લ્યુકેમિયા, બી-સેલ લિમ્ફોમા અને મલ્ટિપલ માયલોમા જેવા કેન્સર સામેલ છે. આ ઉપરાંત મલ્ટિપલ સ્ક્લેરોસિસ અને એપ્લાસ્ટિક એનિમિયા જેવી ઓટોઈમ્યુન સ્થિતિઓ પણ તે બીમારીઓમાં સામેલ છે, જેના માટે સ્ટેમ સેલ થેરાપીની પરવાનગી આપવામાં આવી છે.

મંત્રાલયની યાદી અનુસાર, પુખ્ત વયના લોકોમાં ૧૮ અને બાળકોમાં ૧૪ બીમારીઓ અથવા સ્થિતિઓ માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ કરી શકાય છે. તેનો અર્થ એ છે કે કોઈ બીજી બીમારીની સારવાર માટે આ થેરાપીનો ઉપયોગ સામાન્ય રીતે કરી શકાતો નથી. આ માટે સંબંધિત નિયમનકારી પ્રક્રિયા અને આવશ્યક મંજૂરીનું પાલન કરવું જરૂરી છે.

સ્ટેમ સેલ થેરાપીને લઈને સુપ્રીમ કોર્ટમાં જે કેસ પર સુનાવણી થઈ, તેમાં ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરનો મુદ્દો પણ સામેલ હતો. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલ માહિતી મુજબ, ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર એ ૧૮ સ્થિતિઓની યાદીમાં સામેલ નથી, જેના માટે સ્ટેમ સેલ થેરાપીની પરવાનગી આપવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ઓટિઝમ માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ માત્ર ક્લિનિકલ ટ્રાયલ તરીકે જ થઈ શકે છે. આ માટે નક્કી કરેલી પ્રક્રિયાનું પાલન કરવું પડશે અને સંબંધિત મંજૂરી મેળવવી પડશે. એટલે કે કોઈ દર્દીને સામાન્ય સારવાર તરીકે ઓટિઝમ માટે સ્ટેમ સેલ થેરાપી આપવાની પરવાનગી નથી.

આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી એડવાઈઝરીમાં આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા એક ચુકાદાનો પણ હવાલો આપવામાં આવ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં મેડિકલ પ્રેક્ટિશનરો સામે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલના પ્રોફેશનલ એથિક્સ સાથે જોડાયેલા નિયમો હેઠળ કાર્યવાહી કરી શકાય છે. જ્યારે, સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ કરાવતી ક્લિનિકલ સંસ્થાઓ સામે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ હેઠળ કાર્યવાહીની જોગવાઈ છે.

નિયમોનું ઉલ્લંઘન કરવા પર ડોક્ટરોને શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. જ્યારે, સંબંધિત ક્લિનિકલ સંસ્થાઓ પર દંડ લગાવવામાં આવી શકે છે અને ગંભીર કિસ્સાઓમાં તેમનું લાઈસન્સ પણ રદ કરી શકાય છે. એટલે કે આરોગ્ય મંત્રાલયે વૈજ્ઞાનિક પુરાવા અથવા નિર્ધારિત મંજૂરી વિના સ્ટેમ સેલ થેરાપી આપતી સંસ્થાઓ અંગે રાજ્યોને કડક વલણ અપનાવવા કહ્યું છે.

જોકે, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ હેઠળ ક્લિનિકલ સંસ્થાઓ પર કાર્યવાહીનો વ્યાપ આખા દેશમાં એકસરખો નથી. આ કાયદો હાલમાં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપનાવવામાં આવ્યો છે. જેમાં બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, સિક્કિમ અને તેલંગાણા સહિત અનેક રાજ્યો સામેલ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હજુ આ કાયદો લાગુ થયો નથી. એવામાં દિલ્હીમાં આ વિશેષ કાયદા હેઠળ કાર્યવાહી કરી શકાતી નથી. જોકે, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલના પ્રોફેશનલ એથિક્સ સાથે જોડાયેલા નિયમો આખા દેશમાં લાગુ થાય છે અને તેના હેઠળ મેડિકલ પ્રેક્ટિશનરો પર કાર્યવાહી થઈ શકે છે.

આરોગ્ય મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે સંબંધિત રાજ્ય અને જિલ્લા સ્તરના નિયમનકારી અધિકારીઓ અને ક્લિનિકલ સંસ્થાઓને સ્ટેમ સેલ રિસર્ચ અને થેરાપી અંગે લાગુ નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા કહ્યું છે. મંત્રાલયનું કહેવું છે કે સ્ટેમ સેલ સાથે જોડાયેલી સારવારને લઈને પહેલાથી નિર્ધારિત વૈજ્ઞાનિક અને નિયમનકારી વ્યવસ્થાનું પાલન થવું જરૂરી છે.

આરોગ્ય મંત્રાલયની આ એડવાઈઝરી મુખ્યત્વે રાજ્ય અને જિલ્લા સ્તરના અધિકારીઓને સુપ્રીમ કોર્ટના ચુકાદા અને વર્તમાન નિયમો વિશે જાણકારી આપવાના હેતુથી જાહેર કરવામાં આવી છે.

સાથે જ, તેનો મકસદ એ ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહીની જરૂરિયાત પર ધ્યાન દોરવાનો છે, જે એવી સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ કરાવી રહી છે, જેની અસરકારકતા સંબંધિત બીમારી માટે હજુ સુધી સાબિત થઈ નથી.

આ પહેલા આ જ મહિને નેશનલ મેડિકલ કમિશન એટલે કે દ્રસ્ઝએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાને રાખીને મેડિકલ પ્રોફેશનલ્સને ચેતવણી આપી હતી. NMC દેશમાં આધુનિક ચિકિત્સાના અભ્યાસ અને મેડિકલ એજ્યુકેશન સાથે જોડાયેલી સર્વોચ્ચ નિયમનકારી સંસ્થા છે. પંચે કહ્યું હતું કે મંજૂર કરવામાં આવેલી સારવાર અને સ્થિતિઓ સિવાય સ્ટેમ સેલ થેરાપીનો મંજૂરી વિના ઉપયોગ કરવો, તેને દર્દીઓ માટે લખવી, તેનો પ્રચાર કરવો કે જાહેરાત આપવી પ્રોફેશનલ મિસકન્ડક્ટ ગણવામાં આવશે.

જિનપિંગ અમેરિકા પહોંચે એ પહેલા જ યુએસ પ્રમુખે 'બોમ્બ' ફોડ્યો

# અમે ચીનની જાસૂસી કરીએ છીએ : અમેરિકી પ્રમુખ ટ્રમ્પ

## 'કોઈએ મને જણાવ્યું હતું કે ચીન અમેરિકાની જાસૂસી કરે છે, કદાચ ચીન આવું કરતું હશે, પરંતુ અમેરિકા પણ તેમની જાસૂસી કરે છે' : ડોનાલ્ડ ટ્રમ્પ

બેઈજીંગ, તા.૧૯

ચીનના પ્રમુખ શી જિનપિંગની આગામી અમેરિકા મુલાકાતને લઈને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્ત્વના નિવેદનો આપ્યા છે. બંને દેશો વચ્ચેના સંબંધો અને આગામી મુલાકાતને લઈને અનેક મોટા ખુલાસા સામે આવ્યા છે.ચીનના પ્રમુખ શી જિનપિંગની આગામી અમેરિકા મુલાકાત વિશે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, 'બંને દેશો વચ્ચે સારા સંબંધો છે અને મને પૂરી આશા છે કે શી જિનપિંગ આવતા અઠવાડિયે અમેરિકા આવશે. પ્રમુખ શી સાથે અમારા સારા સંબંધ રહ્યા છે અને તેમની આ મુલાકાત ખૂબ જ સારી રહેશે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા અલગ-અલગ મહત્ત્વપૂર્ણ કરારો અને સમજુતીઓ થવાની સંભાવના છે.' ચીન સાથેના વેપાર અંગે વાત કરતા તેમણે કહ્યું કે ચીન અમેરિકાને ભારે ટેરિફ આપી રહ્યું છે, જેના કારણે ચીનને મોટું નુકસાન થઈ રહ્યું છે અને અમેરિકા આવું કરવા માંગતુ ન હતુ.ચીન દ્વારા જાસૂસી કરવાના સવાલ પર ડોનાલ્ડ ટ્રમ્પે હળવાશથી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, 'કોઈએ મને જણાવ્યું હતું કે ચીન અમેરિકાની જાસૂસી કરે છે, કદાચ ચીન આવું કરતું હશે, પરંતુ અમેરિકા પણ તેમની જાસૂસી કરે છે.'મીડિયા રિપોર્ટ મુજબ, એક વરિષ્ઠ અમેરિકન અધિકારીએ શુક્રવારે માહિતી આપી હતી કે પ્રમુખ ટ્રમ્પ આવતા અઠવાડિયે વૉશિંગ્ટન ડીસીની બહાર આવેલા 'જૉઈન્ટ બેઝ એન્ડ્રૂઝ' ખાતે પહોંચતી વખતે શી જિનપિંગનું એરપોર્ટ પર જાતે સ્વાગત કરવાની યોજના બનાવી રહ્યા છે. સામાન્ય રીતે કોઈ વિદેશી નેતાનું એરપોર્ટ પર અમેરિકન પ્રમુખ દ્વારા સ્વાગત કરવું ખૂબ જ દુર્લભ બાબત છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ યાત્રા દરમિયાન વ્હાઈટ હાઉસની અંદર સ્વાગત સમારોહ, રોઝ ગાર્ડનમાં સૈન્ય સમીક્ષા અને સાંજના સમયે સ્ટેટ ડિનરનું ભવ્ય આયોજન કરવામાં આવશે.આ સ્ટેટ ડિનરમાં વિશ્વભરની અગ્રણી ટેક્નોલોજી કંપનીઓના સીઈઓ પણ સામેલ થશે. જેમાં એમેઝોનના જેફ બેઝોસ, આલ્ફાબેટના સુંદર પિચાઈ, ઓપનએઆઈના સૅમ આલ્ટમેન, એપલના ટિમ કુક, ટેસ્લાના ઈલોન મસ્ક, એનવીડિયાના જેન્સન હુઆંગ અને ડેલ ટેક્નોલોજીસના માઈકલ ડેલ જેવા દિગ્ગજો સામેલ છે. અધિકારીઓએ જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વેપાર, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં રેર અર્થ (દુર્લભ ખનિજ)નો પૂરવઠો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થવાની અપેક્ષા છે.

ભારતીયોની નોકરી પર આફત

# એચ-૧બી વિઝા અંગે ટ્રમ્પે એકસાથે ડબલ ઝટકા આપ્યા

## ટ્રમ્પ પ્રશાસને ૨૦૨૫માં H-1B વિઝા માટે ૧,૦૦,૦૦૦ ડૉલરની ફીનો આદેશ જાહેર કર્યો હતો

વોશિંગ્ટન, તા.૧૯

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને H-1B વિઝાને લઈને એક મોટો અને કડક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝા પર 1 લાખ ડૉલરની ફી વસૂલવાના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે, જેની સીધી અસર ભારતીય ટેક પ્રોફેશનલ્સ પર પડી શકે છે.અમેરિકામાં H-1B વિઝાના નિયમો અંગે ટ્રમ્પ પ્રશાસને ફરી એકવાર કડક વલણ અપનાવ્યું છે. વ્હાઈટ હાઉસે H-1B વિઝા પર 1,00,000 ડૉલરની ફી લગાવતા જૂના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે. આ સાથે જ 18 સપ્ટેમ્બર, 2026ના રોજ એક નવો આદેશ પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં આ વિઝાના ઉપયોગ પર વધુ કડક દેખરેખ અને તપાસની વાત કહેવામાં આવી છે. ખાસ કરીને એવી કંપનીઓ પર નજર રાખવામાં આવશે જેના પર ઓછા વેતનવાળા વિદેશી કર્મચારીઓને રાખીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની નોકરી છીનવી લેવાનો આરોપ છે.H-1B એ અમેરિકાનો એક એવો વિઝા છે જેના દ્વારા અમેરિકન કંપનીઓ વિદેશમાંથી પીએચડી કે વિશેષ કૌશલ્ય ધરાવતા નિષ્ણાતોને નોકરી માટે બોલાવી શકે છે. ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને અન્ય વિશેષ ક્ષેત્રોમાં તેનો મોટા પાયે ઉપયોગ થાય છે. ભારત અને ચીનના પ્રોફેશનલ્સ માટે આ વિઝા અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે મોટી સંખ્યામાં ભારતીય ટેક પ્રોફેશનલ્સ આ જ વ્યવસ્થા હેઠળ અમેરિકામાં કામ કરે છે.ટ્રમ્પ પ્રશાસને 2025માં H-1B વિઝા માટે 1,00,000 ડૉલરની ફીનો આદેશ જાહેર કર્યો હતો. અગાઉ આ ફી સામાન્ય રીતે 2000થી 5000 ડૉલરની વચ્ચે રહેતી હતી, તેથી 1 લાખ ડૉલરની આકમ ખૂબ જ મોટી વૃદ્ધિ દર્શાવે છે. આ આદેશ સપ્ટેમ્બર 2026માં પૂરો થવાનો હતો, જેને હવે લંબાવવામાં આવ્યો છે. જો કે, આ ફીને લઈને કાનૂની લડાઈ પણ ચાલી રહી છે અને અગાઉ અમેરિકાની એક અદાલતે તેને ગેરકાયદે ગણાવતા સરકારને ફી વસૂલવાથી રોકી હતી.નવા આદેશમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે કેટલીક કંપનીઓ અને આઉટસોર્સિંગ ફર્મો H-1B વ્યવસ્થાનો દુરુપયોગ કરી રહી છે. વ્હાઈટ હાઉસના દાવા મુજબ, H-1B વિઝા ધારકોને સમાન કામ કરતા અમેરિકન કર્મચારીઓની તુલનામાં વાર્ષિક 9000થી 20,000 ડૉલર સુધીનું ઓછું વેતન આપવામાં આવે છે. રિપોર્ટ અનુસાર, 2022થી 2026 વચ્ચે ટેક સેક્ટરમાં 8 લાખથી 13 લાખ અમેરિકન કર્મચારીઓની છટણી થઈ છે જ્યારે કંપનીઓએ મોટી સંખ્યામાં H-1B કર્મચારીઓ માટે અરજી કરી છે.બીજી બાજુ, ઉદ્યોગ જગતનું માનવું છે કે અમેરિકામાં અનેક ક્ષેત્રોમાં કુશળ વિશેષજ્ઞોની અછત છે અને આ વિઝા કંપનીઓને જરૂરી પ્રતિભા મેળવવામાં મદદ કરે છે. પરંતુ આ મોંઘી ફી અને કડક નિયમોના કારણે વિદેશથી કર્મચારી લાવવાનું ખર્ચાળ બનશે, જેનાથી ભારતીય પ્રોફેશનલ્સ માટે અમેરિકામાં નોકરી મેળવવાનો માર્ગ વધુ મુશ્કેલ બની શકે છે. આ પડકારોને જોતાં કેટલીક મોટી ટેક કંપનીઓ પહેલેથી જ ભારતમાં પોતાનું કામ વધારવાની દિશામાં આગળ વધી રહી છે.ઐતિહાસિક વારસો જુઓ.

કાર્બન ઉત્સર્જનના આરોપો પર મોદીનો જવાબ

# 'વિકાસશીલ દેશો પર ખોટો દોષ ન થોપો' : વડાપ્રધાન

## મોદીએ નવી દિલ્હીમાં ધ ફ્યુચર ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ ડાયનેમિક્સ આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધી




નવી દિલ્હી, તા.૧૯

નવી દિલ્હીમાં આયોજિત 'ધ ફ્યુચર ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ ડાયનેમિક્સ' વિષય પરની આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વિકાસશીલ દેશો પર કાર્બન ઉત્સર્જનની જવાબદારી ઘણીવાર ખોટી રીતે નાખવામાં આવે છે.

વિજ્ઞાન ભવનમાં ઉપસ્થિત પ્રતિનિધિઓને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગ્લોબલ સાઉથના અનેક દેશો અહીં ઉપસ્થિત છે, પરંતુ ઐતિહાસિક વાસ્તવિકતા એ છે કે આજે પણ ભારતનું પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન વૈશ્વિક સરેરાશ કરતા અડધા કરતાં પણ ઓછું છે.

વડાપ્રધાને જણાવ્યું કે ભારતે પર્યાવરણ અને રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. પાછલા બાર વર્ષોમાં દેશે પર્યાવરણ સાથે જોડાયેલા દરેક ક્ષેત્રમાં અસાધારણ કામગીરી કરી છે. ભારત G-20 જૂથનો એકમાત્ર એવો દેશ છે કે જેણે પેરિસ (COP-21) શિખર સંમેલનમાં કરેલી પોતાની આબોહવાકીય પ્રતિબદ્ધતાઓને નિર્ધારિત સમયમર્યાદા અગાઉ જ સફળતાપૂર્વક પૂર્ણ કરી દીધી છે. બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતા અને સૌર ઉર્જા જેવા ક્ષેત્રોમાં દેશે મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે, જે 'નવા ભારત'ની અદભુત શક્તિ દર્શાવે છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) દ્વારા આયોજિત આ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાઈ રહી છે. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણ અને આબોહવા ગતિશીલતા સાથે જોડાયેલા ગંભીર મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવાનો છે, જેમાં ન્યાયિક, સરકારી અને કાનૂની હિસ્સેદારો એકસાથે આવ્યા છે. ઉદ્ઘાટન સત્રમાં ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દર યાદવ, એટર્ની જનરલ આર. વેંકટરામણી અને એનજીટીના અધ્યક્ષ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદમાં દેશ-વિદેશના ૧૭ દેશોના પ્રતિનિધિઓ, સર્વોચ્ચ અને હાઈકોર્ટના ન્યાયાધીશો તેમજ પર્યાવરણ વિશેષજ્ઞો ભાગ લઈ રહ્યા છે.

એનજીટીના જણાવ્યા અનુસાર, આ બે દિવસીય મંચ નીતિ નિર્માણ અને અમલીકરણમાં રહેલી ખામીઓને ઓળખવા તથા સંસ્થાઓ વચ્ચે સહયોગ મજબૂત કરવા માટે એક સચોટ રોડમેપ તૈયાર કરશે. આ ગંભીર વૈશ્વિક આબોહવાકીય પડકારોનો સામનો કરવા માટે પર્યાવરણીય ન્યાય અને સંસ્થાગત સહકારને વેગ આપવા તરફનું આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે.

દર ૧૯૯૫ પછી તેના સૌથી ઊંચા સ્તરે પહોચ્યો

# બેન્ક ઓફ જાપાને વ્યાજદર સવા ટકો વધારતા ૩૧ વર્ષનો રેકોર્ડ તુટયો

ટોકિયા, તા.૧૯

જાપાનની સેન્ટ્રલ બેન્ક, બેન્ક ઓફ જાપાને શુક્રવારે પોતાનો મુખ્ય વ્યાજ દર એક ટકાથી વધારીને ૧.૨૫ ટકો કરી નાખ્યો. આ દર ૧૯૯૫ પછી તેના સૌથી ઊંચા સ્તરે છે.બેન્કએ આ પગલુ એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે નબળા યેન, વધતી મોંઘવારી, મોંઘી ઊર્જાએ જાપાનની અર્થવ્યવસ્થા પર દબાણ વધાર્યુ છે.ઈરાન યુદ્ધ અને હોર્મુઝ ખાડીમાંથી તેલ-ગેસ આપૂર્તિ પ્રભાવિત થવાને કારણે વૈશ્વિક ઊર્જાની કિંમતો વધી છે. જાપાન પોતાની ઊર્જા જરૂરીયાતો માટે આયાત પર મોટા પ્રમાણમાં નિર્ભર હોવાથી મોંઘા તેલ અને ગેસને કારણે આયાતનો ખર્ચ વધી રહ્યો છે. તેની સીધી અસર ઘરેલુ કિંમતો અને સામાન્ય નાગરિકોના ખર્ચ પર પણ પડી શકે છે.જાપાન લાંબા સમયથી અત્યંત ઓછા, ક્યારેક તો નકારાત્મક વ્યાજ દરના સમયમાં રહ્યું હતું. ૨૦૨૪માં વ્યાજ દર માઈનસ ૦.૧ ટકા હતો. તેના પછી બેન્કે ધીમે-ધીમે દર વધાર્યા અને છેલ્લા અઢી વર્ષોમાં છ વાર વૃદ્ધિ કરી. ઓગસ્ટમાં મુખ્ય મોંઘવારી દર જુલાઈના ૧.૮ ટકાથી ઘટીને ૧.૭ ટકા થઈ, છતાં તે બેન્કના બે ટકા લક્ષ્યની નજીક રહેલી છે.નબળો યેન પણ જાપાન માટે ચિંતાનો વિષય છે. ઓગસ્ટમાં યેન ૪૦ વર્ષના નીચલા સ્તર સુધી પહોંચી ગયો હતો, જેના પછી જાપાન અને અમેરિકાએ બજારમાં હસ્તક્ષેપ કરવો પડયો.

20-09-2026_37 Jan Fariyad_New_P-1

# તહેવારોની સિઝનમાં લીંબુના ભાવમાં ભડકો

અમદાવાદ, તા.૧૯

તહેવારોની સિઝન શરૂ થતાં જ મોંઘવારીનો મારો સામાન્ય જનતા પર વધી રહ્યો છે. હાલમાં સુરત **APMC** સહિત રાજ્યના વિવિધ માર્કેટિંગ યાર્ડમાં લીંબુના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. તહેવારો દરમિયાન રસોડામાં લીંબુની માંગ વધતી હોય છે, પરંતુ આ વર્ષે ભાવ આસમાને પહોંચતા સામાન્ય ગ્રાહકો અને ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની સાથે લીંબુ પણ હવે સામાન્ય માણસની પહોંચથી બહાર જઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

સુરત **APMC**ના હોલસેલ માર્કેટમાં લીંબુના ભાવમાં અણધારી તેજી આવી છે. આશરે એક મહિના પહેલા ૨૦ કિલો લીંબુનો ભાવ રૂ. ૧૦૦૦ થી રૂ. ૧૫૦૦ની આસપાસ હતો, જે હાલ વધીને રૂ. ૧૬૦૦ થી રૂ. ૪૦૦૦ સુધી પહોંચી ગયો છે. હોલસેલ બજારમાં ભાવ વધવાની સીધી અસર છૂટક માર્કેટ પર પડી છે, જ્યાં ઉત્તમ ક્વોલિટીના લીંબુનો છૂટક ભાવ રૂ. ૨૪૦ પ્રતિ કિલોને પાર કરી ગયો છે.

લીંબુના વેપારીઓ અને સુરત **APMC**ના ડિરેક્ટર બાબુભાઈ શેખના જણાવ્યા મુજબ, લીંબુના ભાવમાં આટલો મોટો ઉછાળો આવવાનું મુખ્ય કારણ બજારમાં તેની આવકમાં થયેલો સતત ઘટાડો છે. છેલ્લા કેટલાક સમયથી અનિયમિત વરસાદ અને વાતાવરણમાં આવેલા પલટાના કારણે લીંબુના પાકને ભારે અસરો પહોંચી છે.

માર્કેટમાં માલની આવક ઘટતાં અછત જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના પરિણામે ૨૦ કિલોનો ભાવ રૂ. ૪૦૦૦ના સ્તરે પહોંચી ગયો છે. આગામી દિવસોમાં નવી આવક શરૂ ન થાય ત્યાં સુધી ગ્રાહકોને મોંઘા લીંબુ ખરીદવાની ફરજ પડશે.

### અમદાવાદમાં AMTSની લાલિયાવાડી

# એક જ રૂટ પર એક જ નંબરની બે ઈ-બસો દોડતી ઝડપાઈ

## શહેરના મેઘાણીનગર રૂટ પર ચાલતી બે જુદી-જુદી બસો એક જ રજિસ્ટ્રેશન નંબર સાથે દોડતી જોવા મળી છે

અમદાવાદ, તા.૧૯

મેઘાણીનગર વિસ્તારમાં મુસાફરો અને સ્થાનિક લોકોની નજર સામે એક જ નંબર ધરાવતી બે ઈ-બસ એક જ રૂટ પર દોડતી જોવા મળી હતી. બંને બસો એક જ રૂટ પર સંચાલિત થતી હોવાનું સામે આવતા આ ઘટનાએ **AMTS**ના બસ સંચાલનની વ્યવસ્થા અંગે ચર્ચા જગાવી છે.

એક તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં મુસાફરોને બસની રાહ જોવી પડતી હોવાની ફરિયાદો રહે છે, ત્યારે બીજી તરફ એક જ રૂટ પર એક જ નંબરની બે બસો દોડતી જોવા મળતાં બસોના રૂટ અને શિડ્યુલ ફાળવણીની પ્રક્રિયા સામે સવાલ ઊભા થયા છે. **AMTS**ની બસોમાં **GPS** આધારિત ટ્રેકિંગ અને કંટ્રોલ રૂમ મારફતે મોનિટરિંગની વ્યવસ્થા હોવા છતાં એક જ નંબરની બે બસો એક જ રૂટ પર દોડતી હોવાની સ્થિતિ કેવી રીતે ઊભી થઈ તે મહત્વનો પ્રશ્ન છે.

મેઘાણીનગર વિસ્તારમાં મુસાફરો અને સ્થાનિક લોકો ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે તેમણે એક જ રૂટ પર એક જ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી બે ઈ-બસોને એકસાથે દોડતી જોઈ. આ બંને અલગ-અલગ બસો પર **GJ27TJ** ૩૫૫૦ નંબરની પ્લેટ લાગેલી હતી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેને પગલે **AMTS**ના સંચાલન અને બસોની ફાળવણી પ્રક્રિયા સામે અનેક સવાલો ઊભા થયા છે.

આ ઘટના સામે આવતા જ **AMTS** વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસમાં એ પણ ખૂલ્યું છે કે બસ પર લગાવવામાં આવેલી નંબર પ્લેટ **HSRP** નિયમોની પણ સંપૂર્ણપણે વિરુદ્ધ હતી. પ્રાથમિક તપાસ બાદ **AMTS** સત્તાધીશો દ્વારા કડક કાર્યવાહી કરતા બસનું સંચાલન કરતી એજન્સી એરોઈગલને રૂપિયા ૫ લાખની મસમોટી પેનલ્ટી ફટકારવામાં આવી છે. એજન્સી દ્વારા કયા કારણોસર એક જ નંબરની બે બસો રસ્તા પર ઉતારવામાં આવી, તેની વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાએ છરૂજીની આધુનિક વ્યવસ્થાઓની પોલ ખોલી નાખી છે. **AMTS**ની બસોમાં **GPS** આધારિત ટ્રેકિંગ સિસ્ટમ અને કંટ્રોલ રૂમ મારફતે સતત મોનિટરિંગની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, એક જ નંબરની બે બસો એક જ રૂટ પર કેવી રીતે દોડી રહી હતી તે સૌથી મોટો પ્રશ્ન છે.

એક તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં મુસાફરોને સમયસર બસ ન મળવાની અને લાંબો સમય રાહ જોવાની ફરિયાદો રહે છે, ત્યારે બીજી તરફ આવી ગંભીર લાલિયાવાડી દર્શાવે છે કે તંત્રના મોનિટરિંગ અને શિડ્યુલિંગમાં મોટી ખામીઓ રહેલી છે.

### યાત્રિકોએ હજુ ૩-૪ વર્ષ રાહ જોવી પડશે

# અંબાજીમાં નવા રેલવે સ્ટેશનનું ૩ વર્ષમાં માત્ર ૧૩% કામ!

અંબાજી, તા.૧૯

ભાદરવી પૂનમનો અંબાજી ખાતે યોજાતા મેળામાં ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો પગપાળા, બસ કે ખાનગી વાહનો મારફતે માતાજીના દર્શન માટે અંબાજી પહોંચતા હોય છે. આ ભક્તજનોને બસ ઉપરાંત રેલવે સેવાનો પણ લાભ મળે તે માટે સરકાર દ્વારા નવી રેલવે લાઈન સાથે અંબાજી સ્ટેશનના નિર્માણ કામને મંજૂરી આપી છેલ્લા ત્રણેક વર્ષથી કામગીરી શરુ કરાઈ છે. જોકે, રેલવેના રિપોર્ટ પ્રમાણે ધીમી ગતિએ ચાલતી કામગીરીને જોતા આગામી ૩-૪ વર્ષ સુધી ભક્તોને નવી રેલ કનેક્ટિવિટી મળવી મુશ્કેલ છેઅમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી યાત્રાધામ ખાતે નવા રેલવે સ્ટેશનનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આશરે ૧૭૪.૬ કરોડ રૂપિયાના ખર્ચે નવેમ્બર-૨૦૨૩થી મંજૂરી મળ્યા બાદ અંબાજી સ્ટેશનની કામગીરી શરૂ કરાઈ હતી. અને તેને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો પણ લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જોકે, તાજેતરમાં નોર્થ વેસ્ટ રેલવે દ્વારા જારી કરેલા છેલ્લા રિપોર્ટ પ્રમાણે સ્ટેશન નિર્માણનું કામ અત્યાર સુધીમાં માત્ર ૧૩ ટકા જ કામ પૂર્ણ થયું છે. જેને લઈ આગામી જાન્યુઆરી ૨૦૨૭માં બાકીનું ૮૭ ટકા કામ પૂરું થવાની શકયતા નહિવત જોવા મળે છે. માટે નિયમિત અને વાર-તહેવારે અંબાજી આવતા-જતાં ભક્તો અને મુલાકાતીઓને નવી રેલવે કનેક્ટિવિટી માટે વધુ બે થી ત્રણ વર્ષ સુધી રાહ જોવાની નોબત આવી શકે છે.

અંબાજી ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલું હોવા છતાં કામગીરી પૂર્ણ થયા બાદ સ્ટેશનનો વહીવટ નોર્થ વેસ્ટર્ન રેલવેના અજમેર ડિવિઝન હેઠળ રહેશે.ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયમાં છેલ્લે જાહેર કરેલા રિપોર્ટમાં જુલાઈ ૨૦૨૨થી સરકારની મંજૂરી બાદ શરૂ કરાયેલા તારંગા હિલ-અંબાજી-આબુ રોડ વચ્ચે ૧૧૬.૬ કિ.મી.ની નવી બ્રોડગેજ રેલવે લાઈનનું ૪૫ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અને આ પ્રોજેક્ટને જુલાઈ ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.ભાદરવી પૂનમના મેળાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ મેમુ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેન ૧૯ સપ્ટેમ્બરથી પહેલી ઓક્ટોબર સુધી નિયમિત ફેરાઓ મારશે. જેમાં ટ્રેન નં.૦૯૪૦૫ અસારવા-ખેડબ્રહ્મા મેમુ દરરોજ સવારે ૦૯.૩૫ કલાકે અસારવાથી ઉપડી નરોડા, હિંમતનગર અને વડાલી થઈને બપોરે ૧૨.૧૦ કલાકે ખેડબ્રહ્મા પહોંચશે. તેવી જ રીતે પરત આવતી ટ્રેન નં.૦૯૪૦૬ બપોરના ૧૫.૩૫ કલાકે ખેડબ્રહ્માથી ઉપડીને સાંજે ૧૮.૧૦ કલાકે અસારવા ખાતે પહોંચશે. ભાદરવી પૂનમના મેળા માટે શરૂ કરાયેલી વિશેષ મેમુ ટ્રેન અનરિઝર્વ્ડ રહેશે.

### મોસમનો ૮૮ ટકા વરસાદ નોંધાયો

# ગુજરાતમાં પાણીની ચિંતા દૂર; નર્મદા ડેમ છલકાવાની આરે

## રાજ્યમાં સારો વરસાદ થવાના લીધે અન્ય ૨૦૬ જળાશયોમાં પણ હાલ ૭૦ ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ

નર્મદા, તા.૧૯

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન આજ રોજ સવારે ૬ કલાક સુધીમાં કુલ એકંદર ૩૧ ઈંચ વરસાદ નોંધાયો છે, જે રાજ્યના મોસમના સરેરાશ વરસાદની સામે ૮૮ ટકા જેટલો થાય છે. ઝોન વાઈઝ સ્થિતિ જોતાં, દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩.૫૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૮.૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૦.૩૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૮૬ ટકા અને કચ્છ ઝોનમાં ૫૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાના ૨૨૪ તાલુકાઓમાં સરેરાશ ૧૭.૨૦ મિમિ વરસાદ થયો છે. જેમાં અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડા તાલુકામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ૨.૮૭ ઈંચ, સાબરકાંઠાના તલોદમાં ૨.૫૨ ઈંચ અને નર્મદાના દેડિયાપાડામાં ૨.૪૦ ઈંચ વરસાદ વરસ્યો છે.

સરદાર સરોવર નર્મદા ડેમ કુલ સંગ્રહ ક્ષમતાના ૯૬ ટકા જેટલો ભરાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૭૦.૪૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

રાજ્યમાં હાલ ૩૦ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, ૩૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૫ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૪૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા અને ૭૩ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. જળસંગ્રહના આધારે ૪૫ ડેમ હાઈ એલર્ટ, ૧૩ ડેમ એલર્ટ અને ૧૦ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે.

ચોમાસાની શરૂઆતથી તા. ૧ જૂન, ૨૦૨૬ થી ૧૮ સપ્ટેમ્બર,૨૦૨૬ દરમિયાન રાજ્યમાં કુલ ૮૫,૪૫૬ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૯,૮૨૨ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ નવસારીમાંથી ૨૯,૧૯૮, વલસાડમાંથી ૨૨,૨૧૪ અને સુરતમાંથી ૧૭,૯૯૨ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે. આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્યમાં **NDRF**ની ૧૦ ટીમો અને **SDRF**ની ૨૮ પ્લાટૂન તૈનાત રાખવામાં આવી છે, જ્યારે ૪ **NDRF** અને ૫ **SDRF**ની ટીમો રિઝર્વ રાખવામાં આવી છે.

### ગાંધીનગર મનપા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ નક્કી

# આમ આદમી પાર્ટીએ ૪૪માંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ને લઈને રાજકીય હલચલ તેજ બની છે. આમ આદમી પાર્ટીએ ચૂંટણી માટે પોતાની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરી છે. **AAP**એ કુલ ૪૪ બેઠકોમાંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. વોર્ડ નંબર ૧થી ૧૧ સુધીના વિવિધ વોર્ડમાંથી ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. હવે આગામી દિવસોમાં બાકીના ઉમેદવારોના નામ પણ જાહેર થવાની શક્યતા છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ માટે આમ આદમી પાર્ટીએ પોતાની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરી છે. પાર્ટીએ પ્રથમ તબક્કામાં કુલ ૪૪માંથી ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં વોર્ડ નંબર ૧થી ૧૧ સુધીના ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**AAP**એ વોર્ડ નંબર ૧માંથી બળદેવભાઈ પટેલ અને વિજયસિંહ આર. વાઘેલાને ઉમેદવાર બનાવ્યા છે.

વોર્ડ નંબર ૩માંથી શ્રેયા બકુલકુમાર મકવાણા, પિંકી રાજપૂત અને ભરતભાઈ જોશીના નામ જાહેર કરવામાં આવ્યા છે.

વોર્ડ નંબર ૫માંથી પાર્વતીબેન નાગરભાઈ અને જીતેન્દ્ર ધરવાટર્યાને ટિકિટ આપવામાં આવી છે.

વોર્ડ નંબર ૬માં **AAP**એ તમામ ચાર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં પાર્વતીબેન વસાવા, સોનાબેન પટ્ટણી, તુષાર પારેખ અને હેમાભાઈ ભાલોટર્યાનો સમાવેશ થાય છે.

વોર્ડ નંબર ૭માંથી રાહુલ વાઘેલા અને સુરેશ પટેલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

વોર્ડ નંબર ૮માંથી દેવયાની રાઠોડ અને ધર્મેશભાઈ ઠાકોર સહિતના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે વોર્ડ નંબર ૯માંથી ગૌતમભાઈ પરમાર સહિતના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે.

વોર્ડ નંબર ૧૦માંથી વોર્ડ નં ૧૦માં એન્જલ માસી તરીકે જાણીતા પારેખ જયને અને ને ડૉ. હાર્દિક વિ. ત્રિવેદીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વોર્ડ નંબર ૧૧માંથી કૈલાશબેન પરમાર અને રાજેશ્વરીબેન સોલંકીને ટિકિટ આપવામાં આવી છે.

**AAP**ની પ્રથમ યાદીમાં હાર્દિક તલાટી, ભરત જોશી અને વર્તમાન કોર્પોરેટર તુષાર પરીખનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય અગાઉની ચૂંટણીમાં છછઁ તરફથી મેદાનમાં ઉતર્યા હતા. પાર્ટી દ્વારા પ્રથમ તબક્કામાં જૂના અને સંગઠન સાથે જોડાયેલા ઉમેદવારોને ફરી તક આપવામાં આવી છે.

ઉમેદવારોની યાદી જાહેર કરતી વખતે **AAP**ના નેતાઓએ ૨૦૨૧ની ગાંધીનગર મનપા ચૂંટણીના પરિણામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. પક્ષના જણાવ્યા મુજબ, અગાઉની ચૂંટણીમાં **AAP**ને એક બેઠક મળી હતી અને આશરે ૨૦ ટકાથી વધુ મત મળ્યા હતા. એક જ કોર્પોરેટર હોવા છતાં મજબૂતીથી વિપક્ષની ભૂમિકા ભજવી હોવાનો પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો.

**AAP** દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી ચૂંટણીમાં પાર્ટી પીવાનું પાણી, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને શિક્ષણ જેવા સ્થાનિક મુદ્દાઓને લઈને મતદારો વચ્ચે જશે. પાર્ટીએ ખાસ કરીને શિક્ષણને મહત્વના મુદ્દા તરીકે રજૂ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટે ૨૧ સપ્ટેમ્બરથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે. જ્યારે ૨૬ સપ્ટેમ્બર ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ રહેશે. છછઁની પ્રથમ યાદી જાહેર થતાં ગાંધીનગર મનપા ચૂંટણીનો રાજકીય માહોલ વધુ ગરમાયો છે.

# જામનગરમાં નકલી દારૂ બનાવવાનું મોટું કૌભાંડ ઝડપાયું

મુંબઈ, તા.૧૯

, જામનગર શહેરમાં દારૂબંધીના કાયદાને ખુલ્લેઆમ પડકારતું એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. સ્થાનિક પોલીસ અને એલસીબીની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને નકલી ઈંગ્લિશ દારૂ બનાવતા એક અડ્ડા પર દરોડો પાડીને સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે.જામનગર શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી મધુવન સોસાયટીમાં સમંદરસિંગ ભરતસિંગના રહેણાંક મકાન પર પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન મકાનમાંથી નકલી દારૂ બનાવવા માટેનો શંકાસ્પદ સામાન મોટી માત્રામાં મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૯૬ પ્લાસ્ટિકની ખાલી બોટલો અને ૨૭૦ ઈંગ્લિશ દારૂની બોટલોના ઢાંકણાં કબજે કર્યા છે. આરોપીઓ દ્વારા કેમિકલ, સ્પિરિટ, કલર અને એસેન્સનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે નકલી દારૂ બનાવવામાં આવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આરોપીઓ માત્ર દારૂ જ નહીં પરંતુ અસલી બ્રાન્ડ જેવો દેખાવ આપવા માટે વિવિધ કંપનીઓના નામના ખોટા સ્ટીકર અને ઢાંકણાં પણ બહારથી મંગાવતા હતા. દારૂની બોટલો પર લગાવવા માટેના ખાસ સ્ટીકરો તૈયાર કરીને ગ્રાહકોને અસલી દારૂ હોવાનું ભ્રમિત કરી વેચાણ કરવાની પૂરેપૂરી તૈયારી કરવામાં આવી હતી. જામનગર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ એલસીબી અને સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

## લાઘવિકા : શિર્ષકઃ મોરનાં ઈંડાને ચીતરવા ના પડે

મિસ્ટર દેવેનની ફેક્ટરીમાં કામ કરતા કારીગરો પોતાના માલિકથી ખૂબ સંતુષ્ટ હતા પરંતુ કેટલાક સમયથી દેવેનને એવું લાગ્યું કે કારીગરોને કોઈ વાતનો અસંતોષ લાગે છે.

આ બાબતે પોતાની મુંઝવણ ઘરમાં પણ જણાવી. સૌની સાથે તેનો ૧૫ વર્ષનો પુત્ર દેવમ પણ ત્યાં હાજર હતો.

બીજા દિવસે દેવમ પોતાના પપ્પા સાથે ફેક્ટરીએ ગયો. કેટલાક મજુરોની અંદરોઅંદરની વાતચીત સાંભળીને દેવમે એક નિર્ણય લીધો. થોડા જ દિવસોમાં દરેક કારીગરોને ઘેર કપડાં, મીઠાઈ અને ફટાકડા પહોંચી ગયા તેમજ બોનસ તો ખરું જ!

મિસ્ટર દેવેન દિવાળી પછી જ્યારે ફેક્ટરીએ આવ્યા ત્યારે જોયું કે દરેક કારીગરો બમણાં જોર, ઉત્સાહ અને આનંદથી કામ? કરતા થઈ ગયા હતા.

દેવમે કારીગરોની વાતચીત પરથી તારણ કાઢ્યું હતું કે દરેકને હંમેશા મળતું બોનસ હવે આ મોંઘવારીમાં ઓછું પડતું હતું. દેવમે લીધેલા નિર્ણયની જાણ થતાં દેવમના મમ્મી એટલું જ બોલ્યાં કે મોરનાં ઈંડાને ચીતરવા ના પડે...

## કહેવત

### એક સાંધતા તેર તૂટે




લોકશાહી શાસન એટલે લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન. લોકો જ પોતાના નેતાને ચૂંટી શકે તે લોકશાહી. ખાસ? કરીને મોંઘવારી જેવી લોકસમસ્યાઓના ઉકેલ માટે આપણે સૌ ભેગા મળીને એક એવા નેતા ચુંટીએ છીએ કે જેનામાં વિશ્વાસ હોય. કામ કરીને દીલ જીતવાની આવડત હોય. બાહ્ય આડંબર નહીં પરંતુ વિશ્વસનીય ભાષણો દ્વારા લોકોમાં આત્મવિશ્વાસ સંમિલિત કરી શક્તો હોય તેવા નેતાની વરણી કરવામાં આવે છે.

સાધારણ માણસ તરીકે જોવામાં આવે તો જીવન દરમિયાન કંઈ કેટલીયે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ દરેક સમસ્યાઓ જેવી કે વીજળી બિલ, પાણી બિલ, કરવેરા, પેટ્રોલ, ડીઝલ, મોંઘવારી, વાહનવ્યવહાર વગેરે કંઈ કેટલાય પ્રશ્નોનો ઉકેલ રોજેરોજ જ લાવવાનો હોય છે. આ બધા માટે કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના સૌને સરખો ન્યાય મળે તે માટેની નૈતિક જવાબદારી અદા કરવાનું કામ આપણા લોકલાડીલા, ચુંટાયેલા વરિષ્ટ નેતાઓનું જ છે.

આજકાલ તો લોકશાહીમાં લોકસમસ્યાઓનુ નિવારણ નથી થતું પરંતુ ઘણીવાર એમ લાગે કે સમસ્યાઓ વધે છે અને એમના માટે એક સાંધતા તેર તુટે એવી પરિસ્થિતિ સર્જાઈ જાય છે.

દરેક જણ પરમાર્થને બદલે સ્વાર્થવૃત્તિમાં મગ્ન છે. 'મારું તે મારું અને તારું મારું સહિયારું.' આજ ભાવના બળવત્તર બનતી જાય છે. નેતાઓ એ ભૂલી જાય છે કે પોતે એક લોકસેવક છે અને એક સેવક વૃત્તિથી જો પ્રજાના હિતમાં કાર્યરત હોય તો કદાચ સાચા અર્થમાં લોકશાહી સ્થપાય. એક એવું પણ મંતવ્ય આપી શકાય કે લોકશાહીનો અર્થ એવો બિલકુલ નથી થતો કે તમને ગમે ત્યારે, ગમે તેની સાથે, ગમે તેવી રીતે ગેરવર્તણૂક કરવાનો પણ અધિકાર મળી ગયો! દરેક વ્યક્તિ જો પોતાની મર્યાદામાં રહીને, સમાજમાં રહીને સમાજના હિતમાં વર્તન કરે તો તે પણ વ્યક્તિદીઠ એક નૈતિક જવાબદારીના મૂલ્યો અદા કર્યા કહેવાય. આમ, લોકશાહી સ્થપાય અને લોકસમસ્યાઓનું નિવારણ થાય તે અનિવાર્ય અંગ સમાન છે. અસ્તુ!

### પાંડેસરા અને ભેસ્તાનમાં બે દર્દીઓએ ગુમાવ્યા પ્રાણ

# સુરત શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો બેકાબૂ બન્યો

સુરત,તા.૧૯

સુરત શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ ભરડો લીધો છે, જેના કારણે શહેરમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે.

તાવની બિમારીમાં સપડાયેલા બે નાગરિકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અનેક વિસ્તારોમાં રોગચાળો વકરતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે.શહેરમાં વધી રહેલા જીવલેણ રોગચાળાને કારણે પાંડેસરા વિસ્તારમાં ૨૪ વર્ષીય યુવતી અને ભેસ્તાન વિસ્તારમાં ૪ વર્ષની માસૂમ બાળકીએ તાવની બિમારીના કારણે સારવાર દરમિયાન પોતાના પ્રાણ ગુમાવ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે મૃતકોના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રોગચાળાની ગંભીરતાનો અંદાજ તે વાત પરથી લગાવી શકાય છે કે, કતારગામ સ્થિત એક જ ટેનામેન્ટ પરિસરમાં અચાનક ૪૦ થી ૫૦ જેટલા બાળકો ગંભીર બીમારીમાં સપડાઈ ગયા છે. નાના બાળકોમાં વાયરલ ઈન્ફેક્શન સાથે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા ગંભીર રોગોના લક્ષણો સામે આવ્યા છે, જેને કારણે વાલીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. બાળકો ઉપરાંત વડીલો અને યુવાનો પણ ચિકનગુનિયા તથા તીવ્ર સાંધાના દુખાવાની પકડમાં આવી ગયા છે.સ્થાનિક રહીશોના આક્ષેપ મુજબ, ટેનામેન્ટ પરિસરમાં વરસાદી અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો નથી. લાંબા સમયથી પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે. પાલિકા તંત્રમાં અનેકવાર રજૂઆતો અને ફરિયાદો કરવા છતાં યોગ્ય સફાઈ કે નિકાલની કામગીરી ન કરાતા આ રોગચાળો વણસ્યો હોવાનો આક્ષેપ લોકો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં હાલ તાવ, ઉલટી-ઉબકા અને શરીરના કળતરથી પીડાતા

## અમદાવાદના અનેક વિસ્તારોમાં મોડી સાંજે ધોધમાર વરસાદ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં શનિવારે(૧૯ સપ્ટેમ્બર) રાત્રે વરસાદ વરસ્યો છે. જેમાં બોપલ, શીલજ, પકવાન, માનસી સર્કલ, શેલા, ઘુમા સહિતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો છે.અમદાવાદ શહેરમાં શનિવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. દિવસભરના હળવા વાતાવરણ બાદ મોડી રાત્રે ગાજવીજ સાથે ભારે વરસાદ થતાં શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ફરી વળ્યા છે.હવામાન વિભાગે આગામી ૨૫ સપ્ટેમ્બર સુધી અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

20-09-2026_37 Jan Fariyad_New_P-2